પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૪૬, કુલ પાના:૪, તારીખ: ૧૩-૦૨-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 146 PRICE :-RS. 1.50 DATE : 13-02-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વિરુદ્ધનગર સ્થિત ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટ થતાં વિકરાળ આગે તબાહી સર્જી

## તમિલનાડુમાં ફટાકડાની ફેક્ટરીમાં આગ: ૧૧ના મોત, ૧૪ ઘાયલ



તમિલનાડુના વિરુધનગરમાં આવેલી એક ફટાકડાની ફેક્ટરીમાં શુક્રવારના આગ લાગવાથી ૧૧ લોકોના મોત થઈ ગયા છે. જ્યારે ૧૪ લોકોના ઘાયલ થયાના સમાચાર છે. કહેવામાં આવી રહ્યું છે કે વિરુધનગર સ્થિતિ આ ફેક્ટરીમાં અચાનક વિસ્ફોટ થયો. વિસ્ફોટ બાદ આગ લાગી અને જ્યાં સુધી કોઈ વિચારે આગ ફેલાઈ ચુકી હતી. ઘટનાની જાણકારી મળતા જ ઘટનાસ્થળે ફાયર બ્રિગેડ પહોંચી ગઈ અને આગ ઓલવવાનું કામ શરૂ કરી ચુકી છે.ઘટનાસ્થળ પર રહેલા પોલીસ અધિકારીઓએ વિસ્ફોટ વિશે જાણકારી આપતા જણાવ્યું કે, આ



અકસ્માત એ સમયે થયો જ્યારે ફટાકડાને તૈયાર કરવા માટે કેટલાક કેમિકલ્સ મેળવવામાં આવી રહ્યા હતા. ફાયર બ્રિગેડના કર્મચારીઓ તરફથી મળતી માહિતી પ્રમાણે આ ઘટનામાં અત્યાર સુધી ૧૧ લોકોના મોત થયા છે અને ૧૪થી વધારે લોકો ઘાયલ થયા છે. આ ઘટનાને લઈને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ દુઃખ વ્યક્ત કર્યું છે.તેમણે ટ્વીટ કરતા લખ્યું છે કે, 'તમિલનાડુના વિરુધનગરમાં સ્થિત એક ફટાકડા ફેક્ટરીમાં લાગેલી આગની ઘટના દુઃખદ છે. દુઃખની આ ક્ષણોમાં મારી સંવેદનાઓ પીડિત પરિવારની સાથે છે. આશા કરું છું કે જે પણ ઘાયલ થયા છે તેઓ જલદી ઠીક થઈ જાય. આ ઘટનાથી પ્રભાવિત થયેલા લોકોને મદદ માટે તંત્ર કામ કરી રહ્યું છે.' પીએમઓએ જણાવ્યું કે, પીએમએનઆરએફથી તમિલનાડુના વિરુધનગરમાં જીવ ગુમાવનારાઓના નજીકના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયા વળતરની સ્વીકૃતિ મળી છે. ગંભીર રીતે ઘાયલ લોકોને ૫૦ હજાર રૂપિયા આપવામાં આવશે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ આ બાબત ઉપર શોક વ્યક્ત કર્યો હતો અને લખ્યું હતું કે, તમિલનાડુના વિરુધુનગર્માં ફટાકડાની ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના અત્યંત દુઃખદ છે. તેમા મૃત્યુ પામેલ અને ઘાયલ થયેલ લોકોના પરિવાર સાથે મારી સંવેદના છે. જે લોકો ફેક્ટરીમાં ફસાયેલા છે તેના વિશે વિચારીને પણ કમકમાટી છૂટી જાય છે. હું રાજ્ય સરકારો અને અપીલ કરું છું કે, તેઓ તાત્કાલિક પિડિતોને સહાયતા અને રાહત પ્રદાન કરવાનું કાર્ય કરે.આ પહેલા ગત ઓક્ટોબરમાં મદુરાઈની એક ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો. તેમાં ત્રણ મહિલા સહિત પાંચ લોકોના મોત થયા હતા. શરૂઆતની તપાસમાં જાણવા મળ્યું હતું કે કેમિકલ મિક્સ કરતી વખતે ઘર્ષણના કારણે આગ લાગી હતી, જેના કારણે સિલસિલાબંધ બ્લાસ્ટ થયા હતા.

**વડાપ્રધાન મોદી-રાહુલ ગાંધી સહિતનાઓએ દુઃખ વ્યક્ત કર્યું, મૃતકોના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય સહાયતા કોષ દ્વારા ૨-૨ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી**

### દેશમાં પેટ્રોલ-ડિઝલના ભાવ રેકોર્ડ સ્તરે છે ત્યારે આસામ સરકારનો મતદારોને રિઝવવા મોટો નિર્ણય

## આસામમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં પાંચ રૂપિયાનો જંગી ઘટાડો



દિસપૂર,

એક બાજુ જ્યાં દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ભડકે બળી રહ્યા છે ત્યારે ચૂંટણીને ધ્યાનમાં રાખતા આસામ સરકારે મોટો નિર્ણય કર્યો છે. આસામની સર્બાનંદ સોનેવાલે સરકારે આજે કહ્યું કે, રાજ્યમાં પેટ્રોલ ડીઝલની કિંમતમાં પાંચ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. તેની સાથે જ દારૂ પર ૨૫% ડ્યૂટી ઘટાડવામાં આવી છે. નવા દર અને ટેક્સ આજે રાત્રે ૧૨ કલાકથી લાગુ થશે.આસામના નાણા મંત્રી હેમંતા વિશ્વાસર્માએ આજે વિધાનસભામાં નવા દરની જાહેરાત કરી છે. આસામમાં માર્ચ-એપ્રિલમાં ચૂંટણી થવાની છે. સર્બાનંદ સોનેવાલના નેતૃત્વવાળી ભાજપ સરકાર સત્તાની ખુરશી પોતાની પાસે રાખવા માગે છે.જણાવીએ કે, વિતેલા વર્ષે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલમાં રેકોર્ડ ઘટાડો થવાં છતા આસામ સરાકેર કોરોના મહામારી પર પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કર્યો હતો. વિતેલા વર્ષે એપ્રિલ મહિનામાં આસામમાં પેટ્રોલ ૫.૮૫ રૂપિયા અને ડીઝલ પર ૫.૪૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. આ વધારાનો વિપક્ષે ખૂબ વિરોધ કર્યો હતો.એ દરમિયાન પેટ્રોલ ડીઝલની કિંમતાં વધારો કરતાં નાણામંત્રીએ કહ્યું હતુ કે, એક વખત જ્યારે કોરોના ખત્મ થઈ જશે ત્યારે કિંમતની ફરીથી સમીક્ષા કરવામાં આવશે. રાજ્ય સરકારે તે સમયે કિંમતમાં વધારવા પાછળ રાજસ્વમાં નુકસાનનું કારણ આપ્યું હતું.ઉલ્લેખનીય છે કે, આ વર્ષે આસામ, પશ્ચિમ બંગાળ, કેરલ અને તામિલનાડુ એમ ચાર રાજ્યમાં ચૂંટણીઓ યોજાવાની છે. હાલમાં આસામમાં ભાજપની સરકાર છે. ચૂંટણી પંચ ૧૫ ફેબ્રુઆરી બાદ ક્યારે પણ આ ચાર રાજ્યોની ચૂંટણીની તારીખો જાહેર કરી શકે છે. જોકે એ પહેલા મતદારોને લોભાવવા માટેની હોડ શરુ થઈ ચુકી છે.ચૂંટણીમાં પશ્ચિમ બંગાળમાં છ થી આઠ તબક્કામાં અને આસમમાં બે થી ત્રણ તબક્કામાં તેમજ તામિલનાડુ અને કેરલમાં એક જ તબક્કામાં મતદાન યોજવામાં આવે તેવી શક્યતા છે.દરમિયાન આસામ અને પશ્ચિમ બંગાળમાં તો રાજકીય પક્ષોએ ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ઝંઝાવાતી પ્રચાર પણ શરુ કરી દીધો છે.

## અંતરીક્ષમાં ભારતનો દબદબો: ઈસરોએ પ્રથમ વાર પ્રાઈવેટ ઉપગ્રહોનું ટેસ્ટિંગ કર્યુ



ન્યુ દિલ્હી,

ભારતીય સ્ટાર્ટઅપ્સ દ્વારા બે ઉપગ્રહો SpaceKidz India y™u Pixxel નું ઈસરોના યુઆર રાવ સેટેલાઈટ સેન્ટરમાં પરીક્ષણ કરવામાં આવ્યું છે. ઈસરો માટે આ પ્રથમ વખત હતું જ્યારે તેણે કોઈ પ્રાઈવેટ સેટેલાઈટનું ટેસ્ટીંગ કર્યુ છે. પહેલા ઈસરો પ્રિવેટ કંપનીઓને માત્ર રોકેટ અને ઉપગ્રહોના વિભિન્ન સ્પેર પાર્ટસના નિર્માણમાં જ મદદ કરતું હતું.ગયા વર્ષે જીન મહિનામાં ઈસરોના દરવાજા પ્રાઈવેટ કંપનીઓ માટે ખોલવામાં આવ્યા હતા. સરકારના આ નિર્ણય બાદ આ સંભવ બન્યું છે. એક સ્વતંત્ર ભારતીય રાષ્ટ્રીય અંતરીક્ષ સંવર્ધન અને પ્રાધિકરણ કેન્દ્રની સ્થાપના માત્ર પ્રાઈવેટ ક્ષેત્રની અંતરીક્ષ ગતિવિધિની દેખરેખ કરવા માટે જ નહીં પરંતુ ઈસરોની સુવિધાઓ માટે પણ કરવામાં આવી છે. આ ઘોષણાના બરાબર આઠ મહિના બાદ ઈસરો આ ઉપગ્રહોને આ મહિનાના અંતમાં નક્કી થેયલા PSLV મિશન અંતર્ગત લોન્ચ કરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ એવું પહેલું મિશન હશે કે જ્યાં ભારતીય ઉદ્યોગ દ્વારા ઉપગ્રહોને વ્યાવસાયિક રુપે ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવશે. સ્પેસક્રિડજ ઈન્ડિયાના વિદ્યાર્થીઓ દ્વારા આ ઉપગ્રહોને ડિઝાઈન કરવામાં આવ્યા છે. જેને જાન્યુઆરી ૨૦૧૯માં એક પ્રયોગના રુપમાં પીએસએલવીના ત્રીજા તબક્કામાં લોન્ચ કરવામાં આવશે.

## કેન્દ્રના સખ્ત વલણ બાદ ટ્વિટરે ૯૭ ટકા એકાઉન્ટ્સ બ્લોક કર્યા

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારના સતત દબાણ બાદ માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વીટરે ૯૭ ટકા એકાઉન્ટ્સ બ્લોક કરી દીધા છે. ઈલેક્ટ્રોનિક્સ, સૂચના અને ટેક્નોલોજી વિભાગે ઉશ્કેરણીજનક કન્ટેન્ટ પોસ્ટ કરનારા અનેક એકાઉન્ટ્સ બ્લોક કરવા માંગણી કરી હતી. આ એકાઉન્ટ્સ 'કિસાન જનસંહાર' જેવા હેશટેગનો ઉપયોગ કરતા હતા. જાણવા મળ્યા મુજબ કેન્દ્ર સરકારે બે વખત અપીલ કરીને ૧,૪૩૫ એકાઉન્ટ્સ ચિહ્નિત કર્યા હતા, જેમાંથી કંપનીએ ૧,૩૯૮ ખાતાઓ બ્લોક કરી દીધા છે. સૂચના અને ટેક્નોલોજી મંત્રાલયના સચિવ અજય પ્રકાશ સાહની અને ટ્વીટર પબ્લિક પોલિસી ઉપાધ્યક્ષ મોનિક મેચે અને જિમ બેકર વચ્ચે બુધવારે મોડી સાંજે બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ અમેરિકી સોશિયલ મીડિયા કંપનીએ સરકાર દ્વારા ચિહ્નિત કરવામાં આવેલા ઉપયોગકર્તાઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવાની શરૂઆત કરી હતી. સરકારી સૂત્ર દ્વારા મળતા અહેવાલ પ્રમાણે ટ્વીટરે બ્લોક કરવામાં આવેલા ખાતાઓની યાદી બનાવીને મંત્રાલયને સોંપી દીધી છે બાકી વધેલા એકાઉન્ટ્સ માટે પ્રક્રિયા ચાલી રહી છે જેમાં યુઝર્સને નોટિસ મોકલવા સહિતના પગલાઓનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકારે જે ૧,૧૭૮ એકાઉન્ટ્સ પાકિસ્તાન અને ખાલિસ્તાન સાથે સંકળાયેલા હોવાની સંભાવના વ્યક્ત કરી હતી તેમને બ્લોક કરી દેવામાં આવ્યા છે. જે ૨૫૭ એકાઉન્ટમાંથી વિવાદિત હેશટેગ ચલાવવામાં આવ્યું હતું તેમાંથી ૨૨૦ને બ્લોક કરી દેવામાં આવ્યા છે. સૂત્ર દ્વારા મળતા અહેવાલ પ્રમાણે તે પૈકીના કેટલાક એકાઉન્ટ્સ ડુપ્લીકેટ હોવાની પણ આશંકા છે.

### ચીનમાં જનસંખ્યાનો મુદ્દો અર્થતંત્ર માટે ગંભીર રીતે જોખમી બની શકે

## કોરોના ઈફેક્ટ: ચીનમાં ગત વર્ષે જન્મદરમાં આશરે ૧/૩નો ઘટાડો નોંધાયો



બેઈજિંગ,

કોરોના વાયરસ મહામારી દરમિયાન ગત વર્ષે ચીનમાં જન્મ દરમાં આશરે ૧/૩નો ઘટાડો નોંધાયો છે. આ આંકડા એ વાતનો સંકેત પૂરે છે કે આકરી પરિવાર નિયોજન નીતિમાં ઢીલ આપવા છતા દેશને જન્મદર વધારવાનો ફાયદો નથી મળ્યો. 'એક બાળ નીતિ'ના એક દશકા બાદ સરકારે નિયમોમાં ફેરફાર કરીને પરિવારોને બે બાળકો રાખવા મંજૂરી આપી હતી કારણ કે ચીન સરકારને દેશની ઝડપથી વૃદ્ધત્વ પામી રહેલી વસ્તી અને કામ કરવાની ક્ષમતા ઘટવાનો ડર હતો.

સાર્વજનિક સુરક્ષા મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા અહેવાલ પ્રમાણે દેશમાં નવજાત બાળકોની સંખ્યા ૨૦૨૦માં ૧૫ ટકા સુધી ઓછી થઈ ગઈ છે. ચીનમાં ગત વર્ષે ૧૦.૦૩ મિલિયન બાળકોના જન્મની નોંધણી થઈ હતી જ્યારે ૨૦૧૯માં ૧૧.૭૯ મિલિયન બાળકોનો જન્મ થયો હતો. મતલબ કે ગત વર્ષે જન્મદરમાં ૩૦ ટકાથી વધારેનો ઘટાડો જોવા મળ્યો હતો. જાણકારોના કહેવા પ્રમાણે આ ઘટાડા પાછળ કોરોના વાયરસની સ્પષ્ટ અસર દેખાઈ રહી છે.

કોરોના મહામારીએ લોકોના જીવન અને અર્થતંત્રને ખૂબ જ ખરાબ રીતે પ્રભાવિત કર્યું છે જેથી વિવાહિત લોકોને પરિવાર આગળ વધારવાનો નિર્ણય બદલવો પડ્યો છે. ચીનમાં જનસંખ્યાનો મુદ્દો અર્થતંત્ર માટે ગંભીર રીતે જોખમી બની શકે છે કારણ કે દેશની કામ કરી શકે તેવી વસ્તી નિવૃત્તિના આરે પહોંચી રહી છે.

## ખેડૂતોનુ આંદોલન અનિશ્ચિતકાળ સુધી ચાલશે, સમયસીમા નક્કી કરી નથી: રાકેશ ટિકૈત

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદા સામે દિલ્હી બોર્ડર પર ખેડૂતોનુ આંદોલન હજી ચાલુ જ છે ત્યારે આંદોલનની આગેવાની કરી રહેલા ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે ચેતવણી આપી છે કે, ખેડૂતોનુ આંદોલન અનિશ્ચિતકાળ સુધી ચાલુ રહી શકે છે.ટિકૈતે કહ્યુ હતુ કે, આવુ એટલા માટે કહેવુ પડી રહ્યુ છે કારણકે આંદોલનની કોઈ સમયસીમા નક્કી કરવામાં આવી નથી. કદાચ ઓક્ટોબર સુધી પણ આંદોલન ચાલી શકે છે. જોકે અન્ય એક ખેડૂત નેતા ગુરનામસિંહે કહ્યુ હતુ કે, ઓક્ટોબર મહિના સુધી આંદોલન ચાલુ રાખવાની ખેડૂતોની યોજના છે.ટિકૈતે આ પહેલા પણ ચેતવણી આપી હતી કે, ખેડૂત આંદોલન ત્યાં સુધી ચાલુ રહેશે જ્યાં સુધી સરકાર ત્રણ કાયદા પાછા ખેંચતી નથી અને ઓક્ટોબર સુધી આંદોલન ચાલુ રહે તો નવાઈ નહી હોય.તેમણે એમ પણ કહ્યુ છે કે, દર વર્ષે ૨ ઓક્ટોબરે ખેડૂતો દિલ્હીની ગાઝીપુર બોર્ડર પર પ્રદર્શન કરશે. આ દિવસે ખેડૂતો પર લાઠીચાર્જ કરાયો હતો અને હવે દર વર્ષે ઘટનાને યાદ કરવા માટે અહીંયા કાર્યક્રમ યોજવામાં આવશે.જાણવા મળતી વિગતો પ્રમાણે રાકેશ ટિકૈત મહારાષ્ટ્રના યવતમાલમાં પણ ૨૦ ફેબ્રુઆરીએ ખેડૂતોની એક સભાને સંબોધિત કરવાના છે. આ સંજોગોમાં દિલ્હીમાં ચાલી રહેલુ આંદોલન મહારાષ્ટ્રમાં પણ વેગ પકડે તેવી અટકળો થઈ રહી છે.

## ભારતે અત્યાર સુધી ૩૩૮ કરોડ રૂપિયાની કિંમતની કોરોના રસીની નિકાશ કરી: સરકાર

સરકારે શુક્રવારે જણાવ્યું કે ભારતે અત્યાર સુધી લગભગ ૩૩૮ કરોડ રૂપિયાની કિંમતની કોવિડ-૧૯ રસીની નિકાશ કરી છે, વેપાર અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે પ્રશ્ન કાળ દરમિયાન પુરક સવાલોનાં જવાબમાં રાજ્યસભાને જણાવ્યું કે ૮ ફેબ્રુઆરી સુધી ભારતે લગભગ ૩૩૮ કરોડ રૂપિયાનાં મુલ્યનાં કોવિડ-૧૯ રસીની નિકાશ કરી છે.કેન્દ્રીય પ્રધાને કહ્યું કે નિકાશમાં મિત્ર દેશોને ભારતની માનવીય મદદ અને વેપારી નિકાશ પણ સામેલ છે, તેમણે કહ્યું કે રસીનાં ડોઝની નિકાશ જાન્યુઆરીમાં શરૂ કરી હતી, તેમણે કહ્યું કે ભારતે પહેલા રસીની સ્થાનિક જરૂરીયાતોને ધ્યાનમાં રાખી છે, અને તેના આધાર પર મિત્ર દેશોને રસી આપી રહ્યું છે. ગોયલે કહ્યું કે સરકારે સીરમ ઈન્સ્ટીટ્યુટ અને ભારત બાયોટેક ઈન્ટરનેશનલ લિમિટેડ, હૈદરાબાદને કોવિડ-૧૯ રસીનાં નિર્માણ માટે મંજુરી આપી દીધી છે, તેમણે કહ્યું કે રાષ્ટ્રિય રસીકરણ કાર્યક્રમ હેઠળ કોવિડ રસીની પુરતી ઉપલબ્ધી નક્કી કરવા માટે ભારત સરકારે સંબંધીત વિભાગો અને રસીનું ઉત્પાદન વચ્ચે નિયમિત આધારે વાતચીત દ્વારા સમન્વય નિર્ધારીત કર્યો છે.

શુભેચ્છા...
પોયડા
દુધ ઉ. મંડળી
: ચેરમેન :
બળદેવ સામતસિંહ ભેમાભાઈ
: સેક્રેટરી :
બારીયા નટવરભાઈ ઉદાભાઈ
તરફથી અભીનંદન....
મુ. પોયડા,
તા. શહેરા

શુભેચ્છા...
વલ્લભપુર
દુધ ઉ. મંડળી
: ચેરમેન :
કનકસિંહ ઉદયસિંહ સોલંકી
: સેક્રેટરી :
સોલંકી જગ્દીશકુમાર બળદેવસિંહ
તરફથી અભીનંદન....
મુ. વલ્લભપુર,
તા. શહેરા

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગર જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત લુણાવાડા ખાતે યોજાયેલ બાઈક રેલી



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં આગામી ૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧માં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટછ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે આપણા સૌ નો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદાર... આ હેતુને સાકાર કરવા અને સો ટકા મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે મહીસાગર-લુણાવાડાના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે. મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે સ્વીપના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી પી. એન. મોદી દ્વારા મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી મતદાર જાગૃતિ માટે COVID-19 ની ગાઈડ લાઈનને અનુસરીને લુણાવાડા નગરમાં બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.આ બાઈક રેલીને જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર. બી. બારડે જિલ્લા કલેકટરાલયના કંપાઉન્ડમાંથી લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ બાઈક રેલીને મહીસાગર કલેકટર કચેરી કમ્પાઉન્ડમાંથી કર્મચારીઓ દ્વારા બાઈક રેલી કાઢવામાં આવી હતી. જેમાં બાઈક સવાર કર્મચારીઓ મતદાન જાગૃતિ માટેના પ્લે કાર્ડ સાથે જોડાયા હતા અને મતદાતાઓને પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરી સો ટકા મતદાન કરવાનો સંદેશો પાઠવ્યો હતો. આ બાઈક રેલી મહીસાગર - લુણાવાડા કલેકટર કચેરી કમ્પાઉન્ડમાંથી શરૂ થઈ ચાર કોસીયા રોડ, બસ સ્ટેન્ડ, કોટેજ ચોકડી, ગોકળદાસ પેટ્રોલ પંપ થી પરત લીલાવતી હોસ્પિટલ, લુણેશ્વર મંદિર, પોલીસ અધિક્ષકની કચેરી, બી.એસ.એન.એલ. કચેરી પાસેથી પસાર થઈ જિલ્લા સેવા સદન ખાતે પૂર્ણ થઈ હતી. આ બાઈક રેલીએ નગરજનો અને મતદારોમાં આકર્ષણ જમાવ્યું હતું. આ બાઈક રેલીમાં મોટી સંખ્યામાં કર્મચારીઓએ ઉત્સાહભેર જોડાઈને મતદાન જાગૃતિ અભિયાનને સાર્થક બનાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી પી એન મોદી તેમજ પોલીસ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

## મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લામાં નિબંધ અને વકતૃત્વ સ્પર્ધામાં જિલ્લાની ૨૪૦ માધ્યમિક શાળાના ૧૨૬૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં આગામી ૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧માં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટછ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે આપણા સૌ નો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદાર... આ હેતુને સાકાર કરવા અને સો ટકા મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે મહીસાગર-લુણાવાડાના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે. મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે સ્વીપના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી પી. એન. મોદી દ્વારા મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લામાં નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને સ્પર્ધામાં જિલ્લાની ૨૪૦ જેટલી માધ્યમિક શાળાઓના અંદાજે ૧૨,૬૩૩થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હોવાનું સ્વીપના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી પી. એન. મોદી દ્વારા જણાવાયું છે.

## મહીસાગર જિલ્લામાં આજે ૦૩ પોઝિટિવ કેસ : કુલ ૨૦૨૫

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષનો જયારે લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી અને ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૨-૦૨-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૦૨૫ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી ૦૪ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેઓને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૬૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનુંમૃત્યુ થયા છે. જ્યારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૨૫૩૮૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૪ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૦૭ દર્દી હોમ આઈસોલેશન અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૪ દર્દીઓ સ્ટેબલ અને ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

## લુણાવાડા ખાતે યોજાનાર રાષ્ટ્રીય પ્રતિભા કસોટીની પરીક્ષા પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટરની ત્રિજયામાં ચાર કે તેથી વધુ વ્યકિતઓના પ્રવેશ પર પ્રતિબંધ

લુણાવાડા, રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૪/૨/૨૦૨૧ના રોજ સવારના ૧૧-૩૦ થી ૧-૩૦ પેપર-૧ની અને બપોરના ૩-૦૦ થી ૫-૦૦ દરમિયાન પેપર-૨(બે)ની રાષ્ટ્રીય પ્રતિભા કસોટી (NTSE) ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ જાહેર પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તથા ઉમેદવારો શાંત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે મહીસાગર-લુણાવાડાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર. આર. ઠકકરએ તા. ૧૪/૨/૨૦૨૧ના રોજ સવારના ૮-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મળેલ સત્તાની રૂઈએ લુણાવાડા ખાતે લેવામાં આવનાર કિસાન માધ્યમિક વિદ્યાલય, પંચશીલ હાઈસ્કૂલ અને એસ.કે.હાઈસ્કૂલ, રાજમહેલ બ્રાંચના પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગ ખાતે કેટલાંક કૃત્યો કરવા પર પ્રતિબંધ સહ મનાઈ ફરમાવવામાં આવી છે.

આ હુકમ અનુસાર પરીક્ષા કેન્દ્રોની ચર્તુદિશાની ચોતરફ ૨૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તારમાં ચાર માણસોએ એકઠા થવું નહીં કે મંડળી ભરવી નહીં તેમજ અધિકૃત અધિકારીઓ-કર્મચારીઓ તથા પરીક્ષાર્થી સિવાય કોઈપણ ઈસમને પરીક્ષા કેન્દ્રની ચર્તુદિશાની ચોતરફ ૨૦૦ મીટરની ત્રિજયામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે.

જયારે આ હુકમથી પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત વ્યકિતઓની અવર-જવર કરવા, કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવા કે કરાવવા તેમજ કોઈપણ ઈસમે કોઈપણ પ્રકારની તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા-કરાવવા સીધી કે આડકતરી મદદગારી કરવી કે કરાવવા ઉપર અને પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ કે દ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવા કે કરાવવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. આ ઉપરાંત પરીક્ષાર્થીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ સ્ટાફએ પરીક્ષા સંબંધી ચોરી કરી શકાય તેવી કોઈ વસ્તુ અથવા ઈલેકટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, કેમેરા, સ્માર્ટવોચ, સ્માર્ટબેન્ડ, લેપટોપ, કોમ્પ્યુટર, કેલ્કયુલેટર તથા તેવા બીજા ઈલેકટ્રોનિકસ ગેઝેટસ/ઉપકરણોના ઉપયોગ કરવા તથા પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ, નકલો કે પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારનું સાહિત્ય પરીક્ષા ખંડમાં લઈ જવા, વહન કરવા કે તેમાં મદદગારી કરવા ઉપર, પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યકિત અથવા જાતે પરીક્ષામાં ચોરી કરવી કે કરાવવી, તે પ્રકારના કામમાં મદદગારી કરવી તેમજ પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારના સાહિત્યની આપ-લે કરવી કે કરાવવા પર, પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવાના હેતુથી ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રો વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કોપી સેન્ટર, ઝેરોક્ષ કોપીઅર મશીન, ફેકસ મશીન સંચાલકોએ કોપીઅર મશીનનો ઉપયોગ પરીક્ષાના દિવસ દરમિયાન સવારના ૮-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી સંપૂર્ણ બંધ રાખવાના રહેશે. જયારે પરીક્ષા કેન્દ્રની આજુબાજુ બિનજરૂરી ટોળાં ભેગાં થવા પર, કોઈ અનઅધિકૃત વ્યકિત પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરવા પર, પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા ચાલતી હોય તે સમયે પરીક્ષાને લગત અનઅધિકૃત લેખન-સામગ્રી પરીક્ષા કેન્દ્રમાં લઈ જવા પર તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં માઈક-લાઉડસ્પીકર-ડી.જે. સાઉન્ડ વગાડવા જેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ઈન્ડીઅન પીનલ કોડ કોડની કલમ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. અને જો તેવા અનાદાર, કાનુની રીતે કામે રાખેલ વ્યકિતઓને અવરોધ, પત્રાસ કે હાનિ પહોંચાડે તેમ હોય અથવા તે અંગેનું જોખમ ઉત્પન્ન કરે તેમ હોય તો તેને એક(૧) માસ સુધીની સાદી કેદ અથવા બસ્સો (૨૦૦) રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર થશે અને જો આવો અનાદર માનવજીવન, સુખાકારી કે સલામતીને ભયમાં મૂકે અથવા મૂકે તેમ હોય અથવા તેથી હુલ્લડ કે બખેડો ખડો થાય તેમ હોય તો તેને છ (૬) માસ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તો બંને સજા થઈ શકે છે.

### એએમએના પૂર્વ પ્રમુખ ડો. મોના દેસાઈની ચેતવણી

## પ્રચારમાં જામતાં ટોળાંથી દિવાળીની જેમ કોરોનાના કેસમાં તીવ્ર ઉછાળાનું જોખમ

અમદાવાદ,દીનદયાળની પુણ્યતિથિ નિમિત્તે ભાજપના ૪૮ વોર્ડના ૧૯૨ ઉમેદવારે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં સમર્પણ સંકલ્પ લીધો હતો. સમગ્ર ગુજરાતમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે ચૂંટણી પ્રચારમાં નીકળતા આગેવાનો અને સમર્થકો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરતા નથી. આ બાબતે અમદાવાદ મેડિકલ એસોસિએશનના પૂર્વ પ્રમુખ ડૉ.મોના દેસાઈએ કહ્યું કે, ચૂંટણી પ્રચારમાં ટોળેટોળા જામે છે, જેના કારણે ફરી કોરોનાનો ફેલાવો વધી શકે છે. ફેબ્રુઆરી-માર્ચમાં ફલૂ જેવા વાઈરલ ઈન્ફેકશનને વેગ મળતો હોય છે.યુ.કે., અમેરિકા અને ચીનમાં કોરોનાના કેસ ફરી વધી રહ્યાં છે. બોડકદેવમાં કોંગ્રેસના ઉમેદવારો ગુરુવારે ટ્રેક્ટર પર પ્રચાર માટે નીકળ્યા હતા. બંને રાજકીય પક્ષો સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનું સાવ ભૂલી ગયા હતા. તેમણે કહ્યું કે, દિવાળીમાં જે રીતે કોરોનાના દર્દીઓમાં ઉછાળો આવ્યો હતો, તેવું ના બને તેની ચિંતા દરેકે કરવી પડશે. રાજકીય પાર્ટીઓ અને સામાન્ય નાગરિકે સચેત રહેવાની જરૂર છે. દિવાળીની જેમ કેસમાં તીવ્ર ઉછાળો આવશે તો સરકારે હોળીના તહેવાર વખતે જ ફરી એકવાર નિયંત્રણો નાખવાનો વારો આવશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૩-૦૨-૨૦૨૧, શનિવાર, મહા સુદ-૨, સૂર્યોદય-૭-૨૧, સૂર્યાસ્ત-૬-૪૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શતતારા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## ૧૫ થી ૮મી માર્ચ દરમિયાન ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવનાર વિવિધ વિદ્યાશાખાઓની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓ

લુણાવાડા, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા દ્વારા મહીસાગર જિલ્લામાં આવેલી વિજ્ઞાન, વાણિજય, વિનયન, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ફેબ્રુઆરી-૨૦૨૧માં સેમેસ્ટર-૧ની પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યું છે. અ । પરીક્ષાઓના દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તથા ઉમેદવારો શાંત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે મહીસાગર-લુણાવાડાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર. આર. ઠકકરએ તા. ૧૫/૨/૨૦૨૧ થી તા. ૮/૩/૨૦૨૧ સુધી સવારના ૮-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મળેલ સત્તાની રૂઈએ મહીસાગર જિલ્લામાં નિયત કરવામાં આવેલ ૩૫ પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગ ખાતે કેટલાંક કૃત્યો કરવા પર પ્રતિબંધ સહ મનાઈ ફરમાવવામાં આવી છે.

આ હુકમ અનુસાર નિયત કરવામાં આવેલ ૩૫ પરીક્ષા કેન્દ્રોની ચર્તુદિશાની ચોતરફ ૨૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તારમાં ચાર માણસોએ એકઠા થવું નહીં કે મંડળી ભરવી નહીં તેમજ અધિકૃત અધિકારીઓ-કર્મચારીઓ તથા પરીક્ષાર્થી સિવાય કોઈપણ ઈસમને પરીક્ષા કેન્દ્રની ચર્તુદિશાની ચોતરફ ૨૦૦ મીટરની ત્રિજયામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે.

જયારે આ હુકમથી પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત વ્યકિતઓની અવર-જવર કરવા, કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવા કે કરાવવા તેમજ કોઈપણ ઈસમે કોઈપણ પ્રકારની તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા-કરાવવા સીધી કે આડકતરી મદદગારી કરવી કે કરાવવા ઉપર અને પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ કે દ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવા કે કરાવવા પર પ્રતિબંધ ફરમાવેલ છે.

આ ઉપરાંત પરીક્ષાર્થીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ સ્ટાફએ પરીક્ષા સંબંધી ચોરી કરી શકાય તેવી કોઈ વસ્તુ અથવા ઈલેકટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, કેમેરા, સ્માર્ટવોચ, સ્માર્ટબેન્ડ, લેપટોપ, કોમ્પ્યુટર, કેલ્કયુલેટર તથા તેવા બીજા ઈલેકટ્રોનિકસ ગેઝેટસ/ઉપકરણોના ઉપયોગ કરવા તથા પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ, નકલો કે પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારનું સાહિત્ય પરીક્ષા ખંડમાં લઈ જવા, વહન કરવા કે તેમાં મદદગારી કરવા ઉપર, પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યકિત અથવા જાતે પરીક્ષામાં ચોરી કરવી કે કરાવવી, તે પ્રકારના કામમાં મદદગારી કરવી તેમજ પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારના સાહિત્યની આપ-લે કરવી કે કરાવવા પર, પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવાના હેતુથી ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રો વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કોપી સેન્ટર, ઝેરોક્ષ કોપીઅર મશીન, ફેકસ મશીન સંચાલકોએ કોપીઅર મશીનનો ઉપયોગ પરીક્ષાના દિવસ દરમિયાન સવારના ૮-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી સંપૂર્ણ બંધ રાખવાના રહેશે. જયારે પરીક્ષા કેન્દ્રની આજુબાજુ બિનજરૂરી ટોળાં ભેગાં થવા પર, કોઈ અનઅધિકૃત વ્યકિત પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરવા પર, પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા ચાલતી હોય તે સમયે પરીક્ષાને લગત અનઅધિકૃત લેખન-સામગ્રી પરીક્ષા કેન્દ્રમાં લઈ જવા પર તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં માઈક-લાઉડસ્પીકર-ડી.જે. સાઉન્ડ વગાડવા જેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે.

## દેશમાં પગાર સરેરાશ ૯.૪ ટકા વધવાની આગાહી

ન્યુ દિલ્હી, તાજેતરમાં કરવામાં આવેલા સર્વેક્ષણમાં ભારતમાં આ વર્ષે પગાર સરેરાશ ૬.૪ ટકા વધવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. સર્વેક્ષણમાં ગત વર્ષ દરમિયાન ખરી રીતે વધેલા સરેરાશ ૫.૯ ટકા પગાર કરતા આ વર્ષે પગાર સરેરાશ ૬.૪ ટકા અને એકંદરે ૭ ટકા સુધી વધવાનો આશાવાદ દર્શાવાયોપગાર વિશેનું આ સર્વેક્ષણ ઑક્ટોબર/નવેમ્બર ૨૦૨૦માં કરવામાં આવ્યું હતું અને ૧૩૦ દેશની ૧૮૦૦૦ વ્યક્તિએ સર્વેક્ષણમાં ભાગ લીધો હતો.

સર્વેક્ષણમાં જણાવ્યા અનુસાર એશિયાના દેશ ઈન્ડોનેશિયામાં ૬.૫ ટકા, ભારતમાં ૬.૪ ટકા, ચીનમાં ૬ ટકા ફિલિપાઈન્સમાં પાંચ ટકા, સિંગાપોરમાં ૩.૫ ટકા અને હોંગકોંગમાં ૩ ટકા પગારની સરેરાશ વધવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.ભારતમાં કરવામાં આવેલા સર્વેક્ષણમાં ૩૭ ટકા કંપનીએ આવતા ૧૨ મહિના દરમિયાન વ્યવસાયની આવક વધવાનો આશાવાદ દર્શાવ્યો હતો. જોકે, નવા રોજગાર વિશે માહોલ હજુ ઠંડો જ છે.સર્વેક્ષણ પ્રમાણે ભારતની માત્ર ૧૦ ટકા કંપનીઓ જ નવા કર્મચારી લેવા વિશે વિચારી રહી છે, ગત ત્રિમાસિક ગાળામાં આ ટકાવારી ૧૪ ટકાની હતી.

સર્વેક્ષણ પ્રમાણે ઍક્ઝિક્યૂટિવ લેવલ માટે ૭ ટકા, મિડલ મૅનેજમેન્ટ, સપોર્ટ સ્ટાફ માટે ૭.૩ ટકાની પગાર વધારાની આગાહી કરવામાં આવી છે.

## દૈનિક રાશીફળ

તા.૧૩.૦૨.૨૦૨૧ શનિવાર

મેષ(અ.લ.ઈ.) :- આર્થિક બોજો ધટતો જોવા મળશે. નોકરીમાં પ્રગતિ, સામાજીક કાર્યોમાં સફળતા, માતાથી લાભ રહે. પ્રવાસ થાય.

વૃષભ(બ.વ.ઉ.) :- અંગત જીવનમાં પરિવર્તન થાય. લકઝરી ચીજવસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે. અંધશ્રધ્ધાથી દૂર રહેજો વિદેશથી લાભ.

મિથુન(ક.છ.ઘ.) :- લખાણ-દસ્તાવેજોના કાર્યમાં અનુકુળતા રહે. રાજકીય લાભ. કર્મચારી વર્ગ સાથે મહત્વની ચર્ચા વિચારણા થાય.

કર્ક(ડ.હ.) :- પરિવારમાં માંગલીક પ્રસંગો ઉભા થાય ખર્ચ રહેવાનો ઉત્સાહ જળવાઈ રહે. સ્વાસ્થ્ય બાબત જાળવવું કાર્યભાર ટાળવો.

સિંહ(મ.ટ.) :- સગા સ્નેહી સાથે પાર્ટીનું આયોજન થાય. નોકરીમાં અનુકુળતા જીવન સાથી સાથે સુમેળ રાખવો. ગુસ્સો ટાળવો.

કન્યા(પ.ઠ.ણ.) :- બીજાના કાર્યમાં ડખલગીરી કરવાથી દૂર રહેજો રોજીંદા કાર્યને વળગી રહો. ધાર્મિક કાર્યમાં સફળતા વિદેશથી લાભ.

તુલા(ર.ત.) :- તમારો આત્મવિશ્વાસ વધવાનો નોકરીમાં અનુકુળતા રહે. સાંજ પછીનો સમય વધુ લાભકર્તા રહે.

વૃશ્ચિક(ન.ય.) :- અટકતા કાર્યને વેગ મલવાનો મિત્રો સાથે વ્યવસાયનું આયોજન થાય શેર સટ્ટાથી દૂર રહેજો.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- નિર્ણયો બાબત સતર્કતા કેળવજો નવી યોજનામાં કોઈની સલાહ લેજો પરિવારના સભ્યોને સહકાર દેજો.

મકર(ખ.જ.) :- માનસિક ટેન્સન દૂર થાય જુના મિત્રોની મુલાકાત લાભ દાયક રહે. આવકનું પ્રમાણ વધવાનું.

કુંભ(ગ.શ.સ.) :- નોરીમાં મનગમતી જગ્યા મેળવશો નવી ઓફર આવે સંતાનોની પ્રગતિ માટે શુભ દિવસ રહેવાનો.

મીન(દ.ચ.ઝ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેશે. માતાનો સહકાર રહે. જમીન મકાનના કાર્યો બાબત અનુકુળતા રહે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદ નગરપાલિકાના ઉમેદવારોની યાદીની જાહેરાત સાથે રાજીનામાની દોર શરૂ

# ભાજપના બે પૂર્વ કોર્પોરેટરો સહીત ત્રણ આગેવાનો કોંગેસમાં જોડાતા ખળભળાટ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોની જાહેરાત કરતાની સાથે જ જૂના જોગીઓ માં ભારે નિરાશા વ્યાપી છે. ત્યારે બીજી તરફ દાહોદ નગરપાલિકાના વોર્ડ નંબર ૦૩ અને ૦૫ ના બે કોર્પોરેટરો તેમજ એક આગેવાને ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયા હતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓના પડઘમના આરંભ સાથે જ રાજકીય માહોલ સતત ઘરમાં આવ્યો છે. ત્યારે આજરોજ દાહોદમા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના ઉમેદવારોની યાદી ભારતીય જનતા પાર્ટી દ્વારા જાહેર કરતાની સાથે જ એક તરફ ખુશી તો બીજી તરફ ગમનો માહોલ જોવા મળી રહ્યો છે. જૂના જોગીઓની આ વખતે ટિકિટ કપાતા બળવાના એંધાણો પહેલાથી જ જોવા મળી રહ્યા હતા. ત્યારે જૂના જોગીઓના નામ આ યાદીમાંથી કપાતાની સાથે જ જૂના જોગીઓ તેમજ તેમના સમર્થકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. મળતી માહિતી પ્રમાણે દાહોદ નગરપાલિકાના વોર્ડનંબર ૦૩ ના પૂર્વ કોર્પોરેટર કાઈદ ચુનાવાલા અને વોર્ડ નંબર ૦૫ માંથી ભરતભાઈ બચાણી તેમજ ગોદીરોડના ભાજપના કાર્યકર્તા રાજા વસીમ મલેક ભાજપને રામ રામ કરી કોંગ્રેસમાં જોડાઇ જતાં દાહોદના ભાજપ રાજકારણમાં સ્તબ્ધતા સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે. બીજી તરફ જાણવા મળ્યા અનુસાર, અરવિંદ ચોપડા ને પણ ટિકિટ નહીં મળતા આ વખતે તેઓ પણ ભારે નારાજ થયા છે અને ભાજપ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ત્યારે ચૂંટણી પહેલા દાહોદ શહેર સહિત જિલ્લામાં ભાજપ પાર્ટીમાં ગાબડું પડવાના એંધાણો સાથે સાથે પાર્ટીને નુકસાન થનાર હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## દાહોદ નગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારોની યાદી જાહેર થયાં બાદ ભાજપમાં ભડકો

**- ૫૫૦ પરિવારો ધરાવતા રાજસ્થાની મારવાડી સમાજની યોજાયેલી મીટિંગમાં સર્વાનુમતે નિર્ણય લેવાયો.**
**- રાજસ્થાની મારવાડી સમાજના ૧૫૦ થી વધુ આગેવાનોએ ભાજપમાંથી રાજીનામું મુક્તા ખળભળાટ.**

દાહોદ,
દાહોદ નગરપાલિકાની આગામી ચૂંટણીના ઉમેદવારોની યાદી જાહેર થતાં ભાજપમાં ભડકો થવા પામ્યો છે. આજરોજ જાહેર થયેલી યાદીમાંથી પડતા મુકાયેલા ભાજપના આગેવાનો તેમજ પૂર્વ કોર્પોરેટરોએ ભાજપ જોડે છેડો ફાડી કોંગ્રેસમાં જોડાઈ જતા ખળભળાટ મચી જવાપામ્યો છે. ત્યારે વર્ષોથી ભાજપ જોડે અડીખમ ઉભેલા રાજસ્થાની મારવાડી સમાજના ૪ થી વધુ આગેવાનોએ ભાજપના મેન્ડેટ માટે અરજી કરી હતી. જોકે આજરોજ જાહેર થયેલી યાદીમાંથી રાજસ્થાની મારવાડી સમાજની અવગણના થયાં સમાજમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. દર વખતથી જેમ આ શ્વાશન આપી ઘોર અવગણના થતાં ભાજપની રીતીનીતીથી નારાજ થયેલા રાજસ્થાની મારવાડી સમાજના ૧૫૦ થી પણ વધુ આગેવાનોની એક મીટિંગ યોજાઈ હતી.જેમાં રાજસ્થાની મારવાડી સમાજે સર્વાનુમતે નિર્ણય લઇ વર્ષોથી ભાજપ માટે નિષ્ઠાપૂર્વક કામ કરતા રાજસ્થાની મારવાડી સમાજના તમામ આગેવાનોએ ભાજપમાંથી રાજીનામુ આપવાનો નિર્ણય કરી લેતા ભાજપ માટે આવનારી નગરપાલિકાની ચૂંટણીમાં કપરા ચઢાણ જોવાઈ રહ્યા છે. ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે વોર્ડ નંબર એક, બે, તેમજ ત્ર્ણમાં બ્રાહ્મણ, પોરવાલ, ખંડેલવાલ, મહેશ્વરી સમાજના મળી ૫૫૦ થી વધુ પરિવારો ધરાવતો રાજસ્થાની મારવાડી સમાજ ભાજપ જોડે વિમુખ થયું છે. તેમજ આ સમાજ આગળના સમયમાં અન્ય પાર્ટીઓમાં જવાની તૈયારી પણ બતાવી છે. તેવા સંજોગા ભાજપ માટે આ ત્રણ વોર્ડમાં આવનારા સમયમાં નગરપાલિકાની ચૂંટણીમાં અણધાર્યા પરિણામ આવવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

## પરિવારથી વિખૂટી પડેલી તેલંગાણાની મહિલાને પરિજનો સાથે મેળાપ કરી આપતું દાહોદનું સખી વન સ્ટોપ સેન્ટર



દાહોદ,
દાહોદના સખી વન સ્ટોપ સેન્ટરે તાજેતરમાં જ એક માનસિક અસ્વસ્થ મહિલા જે પોતાના પરિવારથી વિખૂટી પડીને ખોવાઇ હતી તેને છેક તેલંગાણા ખાતેના પોતાના વતન પહોંચતી કરી છે. આ મહિલાના પરિવારજનો છેલ્લા એક વર્ષથી તેની શોધખોળ કરી રહ્યાં હતા. આ માટે સખી વનસ્ટોપ સેન્ટર તેમજ મહિલા પોલીસ સ્ટાફ પણ આ મહિલાના વતનની ભાળ મેળવવા તેલંગાણા ગયો હતો. અને ત્યાંના સખી વન સ્ટોપ સેન્ટર તેમજ સ્થાનિક પોલીસની મદદ લઇને મહિલાને તેના સગાંસંબધીઓ સાથે મેળાપ કરાવવામાં સફળતા મેળવી હતી. દાહોદ ખાતેના સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આ માટે ૧૧ દિવસ સુધી આ મહિલાને આશ્રય આપીને તેલુગુ ભાષા જાણકારને સાથે રાખીને તેનું કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું.

તેલંગાણાની આ ૪૨ વર્ષીય મહિલા રૂરલ રાબડાલ પોલીસ સ્ટેશન દાહોદ વિસ્તારના કાળીતળાઈ ગામના બસસ્ટેશન પાસે મળી આવી હતી. તેઓ માનસિક રીતે અસ્વસ્થ જણાતા હોય તેમજ રાજ્ય બહારના હોવાનું જણાતા રાબડાલ રૂરલ પોલીસ દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ ખાતે મહિલાને આશ્રય માટે લાવવામાં આવ્યા હતા. આ મહિલાનું કેન્દ્ર સંચાલક સંધ્યાબેન અને નજમાંબેન દ્વારા કાઉન્સેલીંગ કરતાં તેઓ તેલગુ ભાષા જાણતા હોવાનું જણાઈ આવતા વેસ્ટર્ન રેલ્વે દાહોદના કર્મચારી નીતુ બોસની મદદથી મહિલાનું કાઉન્સેલિંગ કરતાં તેઓ આંધ્રપ્રદેશ તેલંગાણાના નિજામબાદમાં આવેલા અંતરિયાળ ગામના હોવાનું જણાયું હતું.

ત્યાર બાદ સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ દ્વારા, નિજામાબાદ સખી વન સ્ટોપ સેન્ટરનો સંપર્ક કરી મહિલા વિશે માહિતી આપી હતી. આ મહિલા પોતાના વતન જવા માટે ઘણું ચિંતિત હોય સખી વન સ્ટોપ સેન્ટરે કલેક્ટરની મંજૂરી મેળવી મહિલા પોલીસકર્મીઓ તેમજ સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફને સાથે લઈને તેલંગણા ગયો હતો. જયાં નિજામાબાદના સખી વન સ્ટોપ સેન્ટર તેમજ સ્થાનિક પોલીસની મદદથી મહિલાનું તેના પરિવારજનો સાથે સુખદ મેળાપ કરી આપ્યો હતો. આ મહિલાના ચાર બાળકો છે તેમજ તેમના પતિ પણ તેમની શોધ કરી રહ્યાં હતા.

## દાહોદ નગર પાલિકા ચૂંટણીમાં વોડ ન.૯ માં ટિકિટ આપેલ ઉમેદવારો સામે ભારે વિરોધ પ્રદર્શન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

બીજેપી દ્વારા દાહોદ નગર પાલિકા વોર્ડ નંબર ૯ મા આખી પેનલનો રહીશો દ્વારા વિરોધ કરવામાં આવ્યો જેમા પાર્ટી દ્વાર એક પુરુષ ઉમેદવાર મહીલા ઉમેદ્વાર બેને ગઈ ચૂટણી મા કોંગ્રેસ ના બેનર પરથી હરિ ચૂકેલા હતા ત્યાર બાદ ભાજપ માં પક્ષ પલટો કરી આવ્યા હતા તો પણ ભાજપ દ્વારા આવા ઉમેદવારને ટિકિટ આપતા વોડ ન.૯ના રહીશો દ્વારા વિરોધ પ્રદર્શન કરે રેલી નિકળી હતી અને વોડમાં ઉમેદવારના વિરોધમાં બેનરો પણ લગાવીયા છે.

## દાહોદ સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં જીલ્લા પંચાયત ૧૬૩, તાલુકા પંચાયત ૭૬૯ તેમજ પાલિકામાં ૭૯ ઉમેદવારો ફોર્મ ભરાયા.

દાહોદ,
દાહોદ જિલ્લામાં સ્થાનીક સ્વરાજયની ચુંટણીમાં જિલ્લા પંચાયત માટે કુલ ૧૬૩ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. જેમાંથી ૧૬૦ સામે આવ્યાં છે. ત્યારે તાલુકામા પંચાયતમાંથી કુલ ૭૬૯ ઉમેદવારોએ પોતાનું ફોર્મ ભર્યું હતું અને દાહોદ અને ઝાલોદ નગરપાલિકામાંથી કુલ ૭૯ઉમેદવારોએ ફોર્મ ભર્યું હતું. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને દાહોદ નગર પાલિકા અને ઝાલોદ નગરમાં આ વખતની ચુંટણીનો માહોલ ભારે રસપ્રદ બની રહેશે તેમ પ્રતિત થઈ રહ્યું છે. આ વખતે અન્ય પાર્ટીઓ પણ મેદાનમાં ઉતરતાં લોકોમાં બીજી પાર્ટીઓની કામગીરી પર પણ નજર રાખી રહી છે. આજે જિલ્લા પંચાયતની ગરબાડામાંથી ૧૨ ફોર્મ ઉમેદવારો દ્વારા ભરવામાં આવ્યાં હતાં. ધાનપુરમાંથી ૧૬, લીમખેડામાંથી ૧૪, સીંગવડમાંથી ૦૮, દેવગઢ બારીઆમાંથી ૧૭, ફતેપુરામાંથી ૨૭, ઝાલોદમાંથી ૨૨, દાહોદમાંથી ૩૬ અને સંજેલીમાંથી ૦૫ ફોર્મ ભરવામાં આવ્યાં હતાં. તાલુકા પંચાયતની વાત કરીએ તો આજે ગરબાડાના ૫૩, ધાનપુરના ૭૫. લીમખેડાના ૬૧, સીંગવડના ૪૫, દેવગઢ બારીઆના ૬૪, ફતેપુરાના ૧૧૮, ઝાલોદના ૧૦૭, દાહોદના સૌથી વધુ ૧૬૪ અને સંજેલીના ૪૦ ફોર્મ મળી કુલ આજે ૭૨૭ ફોર્મ ભરવામાં આવ્યાં હતાં.બીજી તરફ દાહોદ અને ઝાલોદ નગરપાલિકાની ચુંટણીનો માહોલ પણ પુરજોશમાં ચાલી રહ્યો છે. દાહોદ અને ઝાલોદ નગરપાલિકામાંથી આજે કુલ ૬૨ ઉમેદવારો દ્વારા ફોર્મ ભરવામાં આવ્યાં હતાં. આ પૈકી દાહોદ પાલિકામાંથી ૫૭ અને ઝાલોદ પાલિકામાંથી ૦૫ મળી અત્યાર સુધી આ બંન્ને નગરપાલિકાઓમાંથી કુલ ૭૯ ઉમેદવારોએ ફોર્મ ભર્યાં છે.

## હિરેન પટેલ ના પુત્ર એ પિતા ના સ્થાને ઉમેદવારી નોંધાવી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
હિરેન પટેલની હત્યા બાદ ચર્ચા ના ચકડોળે ચઢેલી ઝાલોદ પાલિકા વધુ એક વખત ચર્ચામાં આવી છે. જેમાં હિરેન પટેલ ની હત્યા તથા અંતિમ અગ્રવાલની આત્મહત્યા બાદ ખાલી પડેલી વોર્ડ નં. ૦૫ તથા વોર્ડ નં.૦૬ ની બેઠકો ખાલી પડતા આ બંને બેઠકો પર હાલ પેટા ચૂંટણી યોજાનાર છે.

આ બંને બેઠકો ની પેટા ચૂંટણી માટે કુલ ૨૧ જેટલા ફોર્મ નો ઉપાડ થયો હતો. ત્યારે માત્ર બે જ બેઠકો માટે કુલ કેટલા ઉમેદવારો મેદાન માં રહે છે, તે હાલ ચર્ચા નો વિષય બન્યો છે. ત્યારે હિરેન પટેલના સ્થાને પુત્ર પંથ દ્વારા ભાજપ માંથી આજે શુક્રવારના રોજ ઉમેદવારી નોંધાવામાં આવતા ફરીથી ચર્ચાઓ એ જોર પકડ્યું છે. તો વોર્ડ નંબર ૦૬ માં ભાજપ તરફ થી મહાસુખ કાનજીભાઈ ભાભોર દ્વારા ઉમેદવારી નોધાવવામાં આવી હતી.

આમ શુક્રવાર સુધી કુલ સાત જેટલા લોકો એ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં ભાજપ તથા કોંગ્રેસ એમ બંને પક્ષ તરફ થી બંને બેઠક પર ઉમેદવાર ઉતારી દેવામાં આવ્યા છે.

જેમાં કોંગ્રેસ તરફ થી વોર્ડ નંબર ૦૫ માં બાબુ માનસિંગ કટારા તથા વોર્ડ નંબર ૦૬ માંથી ધના મોતીભાઈ લુવાણાં નામના ઉમેદવારો ને ઉતારવામાં આવ્યા છે.

## દે.બારીયા નગર પાલિકા હવે ક્યારે હેન્ડ પંપ રીપેર કરાવશે : ઉનાળાની ઋતુ ગયા પછી !!!

દે.બારીયા,
દે.બારીયા નગર પાલિકામાં છેલ્લા અઢી વર્ષ માટે નવા પ્રમુખની ચુંટણી થઈ ગઈ છે. ભાજપાનની બોડી બે જુથોમાં વહેંચાઈ ગઈ છે. જેથી શહેરના વિકાસના કાર્યોમાં બાધા ઉત્પન્ન થઈ છે. નવા આધારીત પ્રમુખને માંડ બે માસ થયાને અવિશ્વાસની દરખાસ્ત આવી હેમખેમ ૨૫ ફેબ્રુઆરી સુધીનો સ્ટે મળ્યો છે. આવું ચાલશે તો શું શહેરનું ભલુ થવાનું છે. અત્રે ઉલ્લેખનિય છે કે, નવા ચીફ ઓફિસર હાજર થયાને રાજ ઉપર પણ ઉતરી ગયા છ. નગર પાલિકામાં ચીફ ઓફિસર કયા કારણે ટકતા નથી. તે એક યક્ષ પ્રશ્ન છે ? કારણ સી.ઓ. પાસે ગેરબંધારણીય રીતે ખોટા બીલો પર સહી કરાવવાનો દબાણ થાય છે તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. તે માટે પોતાની કારકીર્દી ખતમ કરવાનું કોણ વિચારશે. છેલ્લા અઢી વર્ષ શહેરની મુખ્ય સમસ્યા પીવાનું પાણી માટે ભાજપના સભ્યો વિચારે બે વર્ષમાં પાછા વોર્ટસ પાસે જવાનું છે. શહેરના પશ્ચિમ વિસ્તાર પારેખ શેરી તથા કસ્બા જાની ફળીયામાં પ્રદુષિત પાણી હાલમાં પણ આવે છે. તે સમસ્યાનું વહેલી તકે નિરાકરણ લાવવાની તાતી જરૂર છે. નવી પાઈપ લાઈન નાખી સમસ્યાનો હલ થશે. બીજું તાલુકા શાળા તેમજ ચોગાનીયામાં હેન્ડપંપ રીપેરીંગ કરવા માટે અનેકવાર રજુઆત કરી છે. તેમ છતાં હેન્ડ પંપ રીપેર થતાં નથી. લાગતા વળગતા ભાજપની બોડીના સભ્યો શહેરની આમ જનતાને સ્વચ્છ પીવાનું પાણી મળી રહે વોર્ટસવર્કમાં વોટર ફિલ્ટર પૂનઃ ચાલુ કરાવે તથા બગડેલા હેન્ડ પંપ જે ખાસ કરીને ઉનાળામાં ખાસ્સા ઉપયોગી રહે છે. તે માટે શહેરના તમામ હેન્ડ પંપોનું સમારકામ કરાય તે માટે યોગ્ય નિર્ણયો લે તે માટે જનતાની લાગણી અને માંગણી છે.

## દાહોદની ઉસરાવણ આંગણવાડી કેન્દ્ર ખાતેથી આરોગ્ય તપાસણી કાર્યક્રમનો પ્રારંભ કરાવતા જિલ્લા વિકાસ અધિકારી



**દાહોદના પાંચ વર્ષ સુધીના ત્રણ લાખથી પણ વધુ બાળકોની આરોગ્ય તપાસ આગામી માર્ચ સુધીમાં કરાશે**

દાહોદ,
દાહોદની ઉસરાવણ આંગણવાડી કેન્દ્ર ૪ ખાતે જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજની આંગેવાનીમાં કુપોષણ મુક્ત દાહોદ અભિયાન અંતર્ગત જિલ્લામાં પાંચ વર્ષ સુધીના તમામ બાળકોની આરોગ્ય તપાસણી અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. ઉસરાવણ આંગણવાડી કેન્દ્ર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ૯૧ બાળકોની આરોગ્ય તપાસ કરીને આ મહત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

આરોગ્ય કર્મચારીઓ દ્વારા જિલ્લાના ૩ લાખથી પણ વધુ બાળકોની આરોગ્ય તપાસ આગામી માર્ચ સુધીમાં કરવામાં આવશે. તેમજ અતિકુપોષિત અને મધ્યમ કુપોષિત બાળકોની ખાસ કાળજી રાખવામાં આવશે. જરૂર જણાય એ બાળકોને યોગ્ય સારવાર અપાશે. ઉપરાંત તેમને આંગણવાડી કેન્દ્ર ખાતે સુપોષિત આહાર આપવામાં આવશે. અતિગંભીર રીતે નાદુરસ્તતબિયત હોય તેવા બાળકોને બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર ખાતે નિઃશુલ્ક સારવાર આપવામાં આવશે. બાળકોના આરોગ્ય તપાસણી અભિયાનની દરેક બાબતોની ખાસ તકેદારી રાખવા જિલ્લા વિકાસ અધિકારી રાજે ઉપસ્થિત આરોગ્ય તેમજ આઈસીડીએસ વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 146

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા પાલિકાના ૪ વોર્ડમાંથી ભાજપાના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

# સગાવાદને લઈ ઉમેદવારોની જાહેરાત સાથે બીજેપીના જુના જોગીઓમાં નારાજગી : કયાંક અપક્ષોને ફાયદો કરાવશે


વોર્ડ નં.૧૧ ના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી.


વોર્ડ નં. ૦૪ ના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી.


વોર્ડ નં.૦૫ ના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી.


વોર્ડ નં. ૦૩ ના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી.

ગોધરા,
ગોધરા નગર પાલિકાના ૧૧ વોર્ડ માટે ૪૪ બેઠકો માટે ઉમેદવારી ફોર્મ ભરવાની શરૂઆત થઈ છે. ગોધરા શહેરના ૦૬ વોર્ડ માટે બીજેપી એ પોતાના ૨૪ ઉમેદવારોની જાહેરાત સાથે બીજેપીમાં ભડકો જોવા મળ્યો અમુક દાવેદારોની ટીકિટ કપાઈ હતી. જયારે અમુક વોર્ડમાં સગાવાદ ચલાવવામાં આવ્યો હોવાને લઈ બીજેપી કાર્યકર્તા અને સમર્થકોમાં રોષ જોવા મળ્યો હતો. બીજેપીના કાર્યકરોના રોષને ઠારવા માટે ધારાસભ્ય કામે લાગ્યા હતા.

જયારે બીજી તરફ ગોધરા નગર પાલિકાની બેઠકો માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા પોતાના ઉમેદવારોની જાહેરાત નહિ કરતાં અસંમજસ ઉભી થવા પામી છે. કોંગ્રેસ પાર્ટી ગોધરા પાલિકાના વોર્ડ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત સાથે ભડકો ન થાય તેને ધ્યાનમાં રાખીને પાલિકા ઉમેદવારોની જાહેરાત કરવાનું ટાળ્યું હતું અને ઉમેદવારોને ટેલીફોન દ્વારા મેન્ડેટ માટે અને ઉમેદવારી ફોર્મ ભરવા જણાવવામાં આવ્યું હોય તેમ ચર્ચાઈ રહ્યું છે.

ગોધરા નગર પાલિકાના ૧૧ વોર્ડની ૨૪ બેઠકો માટે બીજેપી દ્વારા ઉમેદવારોની જાહેરાત સાથે સગાવાદ અને નીતિનિયમો નેવે મૂકીને ઉમેદવારોની જાહેરાત કરાઈ છે. તેને લઈ બીજેપી કાર્યકરો અને દાવેદારોમાં છુપો રોષ જોવા મળ્યો છે. તેમ છતાં બીજેપી દ્વારા ૦૬ વોર્ડ માટે ૨૪ ઉમેદવારોની જાહેરાત સાથે ઉમેદવારી ફોર્મ ભરવાની શરૂઆત થઈ છે. ગોધરા પાલિકાના ૧૧ વોર્ડ માટે યોજાનાર ચુંટણી માટે ૧૪૩ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. આવતી કાલે ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે. ત્યારે હજુ કેટલા ઉમેદવારો પોતાની મહત્વાકાંક્ષા પુરી કરવા મેદાનમાં ઉતરે છે. તે જોવાનું રહ્યું.

## ગોધરા પાલિકાના ૧૧ વોર્ડ માટે આજરોજ ૮૧ અને કુલ ૧૪૩ ઉમેદવારી ફોર્મ ભરાયા

ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૧ માં ૦૭ ઉમેદવારી ફોર્મ ભરાયા, વોર્ડ નં.૨ માંથી ૨ ઉમેદવારી ફોર્મ ભરાયા, વોર્ડ નં.૩ માંથી ૯ ઉમેદવારી ફોર્મ ભરાયા, વોર્ડ નં.૪ માંથી ૧૦ ઉમેદવારી ફોર્મ ભરાયા, વોર્ડ નં.૫ માંથી ૬ ઉમેદવારી ફોર્મ ભરાયા, વોર્ડ નં.૭ માંથી ૭ ઉમેદવારી ફોર્મ ભરાયા, વોર્ડ નં.૮ માંથી ૭ ઉમેદવારી ફોર્મ ભરાયા, વોર્ડ નં.૯ માંથી ૯ ઉમેદવારી ફોર્મ ભરાયા, વોર્ડ નં.૧૦ માંથી ૭ ઉમેદવારી ફોર્મ ભરાયા, વોર્ડ નં.૧૧ માંથી ૯ ઉમેદવારી ફોર્મ મળી કુલ ૮૧ ઉમેદવારી ફોર્મ આજરોજ ભરાયા હતા. અત્યાર સુધી પાલિકાના ૧૧ વોર્ડના ૪૪ સભ્યો માટે ૧૪૩ ઉમેદવારી ફોર્મ ભરાઈ ચુક્યા છે. એક દિવસ ઉમેદવારી ફોર્મ ભરવાના બાકી છે. ત્યારે વધુ કેટલા ઉમેદવારો ચુંટણી મેદાનમાં ઉતરે છે. તે જોવું રહ્યું.

## બીજેપી દ્વારા ઉમેદવારોની જાહેરાત સાથે જુના જોગીઓમાં નારાજગી

ભાજપ દવારા ગોધરા નગરપાલિકાના છ વોર્ડમાં ૨૪ જેટલા ઉમેદવારો ની યાદી જાહેર કરવામાં આવતા જે પૈકી બે વોર્ડ માં ભાજપ દ્વારા સગાવાદ ને લઇ બે પુર્વ પ્રમુખના પુત્ર ને મેન્ડેટની ફાળવણી કરવામાં આવતા ભાજપમાં ભારે ભડકો થયો હોવાનું બહાર આવ્યુ છે. વોર્ડ નં–૫ માં ભાજપનો આંતરિક ડખો બહાર આવતા ખુદ ધારાસભ્ય નારાજ જુના જોગીઓ ને મનાવવા માટે નીકળ્યા હોવાની વાત પણ ચર્ચાના કેન્દ્ર સ્થાને રહી હતી, પરંતુ પાર્ટીએ જ નિયમોને નેવે મુકી ટીકીટની ફાળવી કરતા ધારાસભ્ય ને પણ કાર્યકરોના સવાલના જવાબ આપવા ભારે પડયા હોવાનું કહેવાય છે. ભાજપ દ્વારા ટીકીટ ફાળવણી મુદ્દે અન્ય બે થી ત્રણ વોર્ડમાં પણ કાર્યકરોની નારાજગી હોવાનું બહાર આવ્યું છે.

ગોધરા નગરપાલિકાની ૧૧ વોર્ડની ૪૨ બેઠકોની માટે ચૂંટણી આગામી ૨૮ ફેબ્રુઆરી ના રોજ યોજાનાર છે. જેને ભાજપ દવારા ૬ વોર્ડ ના ૨૪ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. યાદી જાહેર થતાની સાથે ભાજપમાં ભડકો થયો હોવાનું બહાર આવ્યું હતું. ભાજપે વ્હાલા દવલાની નિતી અપનાવી પાર્ટી ના નિયમો નેવે મુકી બે અલગ અલગ વોર્ડમાં પાલિકાના બે પૂર્વ પ્રમુખના પુત્રો ને મેન્ડેટની ફાળવણી કરવામાં આવતા ભાજપના જુનાજોગીયો ની નારાજગી સામે આવી હતી. જેને લઇ વોર્ડ–પમાં ભારે ભડકો થતા ડેમેજ કંટ્રોલની સ્થિતિ માટે ધારાસભ્ય ખુદ જુનાજોગીયો ને મનાવવા માટે નીકળ્યા હોવાની વાત મોડીરાત સુધી કેન્દ્ર સ્થાને રહી હતી.

ભાજપે વોર્ડ નં–પમાં ત્રણ નવા ચહેરા ને ચૂંટણી જંગ ઉતાર્યા છે. જયારે એક ઉમેદવારને રીપીટ કરવામાં આવ્યો છે. ભાજપે બે વોર્ડમાં સગાવાદ અપનાવતા અન્ય ભાજપ કાર્યકરોમાં ભારે રોષ હોવાનું બહાર આવ્યું છે.અન્ય બે–ત્રણ વોર્ડમાં પણ જે ઉમેદવારની ત્રણ ટર્મ પુરી થઈ છે. તેવા ઉમેદવાર ને રીપીટ કરવામાં આવતા ખુદ પાર્ટી ના જ નિયમો ને નેવે મુકવામાં આવ્યા હોવાની ચર્ચાઓ કેન્દ્ર સ્થાને છે. જેને લઇ ઉચ્ચ નેતાગીરી ને પણ રજૂઆત કરવામાં આવી છે.

# શહેરા સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં બીજેપીના તમામ ઉમેદવારો એ ફોર્મ ભર્યા

શહેરા,
શહેરામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીને લઈને રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી જીતવા માટેની તૈયાર ઓ શરૂ કરી દેવામાં આવી હતી. ત્યારે ભાજપ દ્વારા ઉમેદવારોના નામોની જાહેરાત કરાયા બાદ તમામ ઉમેદવારો શુક્રવાર ના રોજ વાજતે ગાજતે ઉમેદવારી નોધાવી હતી.જયારે બીજી તરફ કોંગ્રેસ અને અપક્ષના ઉમેદવારોએ પણ ઉમેદવારી નોધાઈ હતી.





આગામી ૨૮મી ફેબ્રુઆરીએ સમગ્ર રાજ્ય સહિત પંચમહાલ જિલ્લામાં પણ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની સ્થાનિક સ્વરાજયની ચુંટણી યોજાવાની છે ત્યારે શહેરા નગરમાં આવેલ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના કાર્યાલય ખાતે શહેરા નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના તમામ ઉમેદવારો એકત્રિત થયા હતા. જયાંથી વાજતે ગાજતે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિન પટેલ અને જિલ્લા મહામંત્રી જીગ્નેશ પાઠકની હાજરીમાં ભાજપના તમામ હોદ્દેદારો પોતાના સમર્થકો સાથે વાજતે ગાજતે ઉમેદવારી પત્ર નોંધાવા પહોંચ્યા હતા. ચૂંટણી અધિકારી સમક્ષ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ અને તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલીયા અને તાલુકા ભાજપ ઉપપ્રમુખ ભૂપતસિંહ પટેલની ઉપસ્થિતિમાં દલવાડા જીલ્લા પંચાયત સીટના મહીલા ઉમેદવાર ભારતીબેન પટેલ તેમજ સુરેલી જિલ્લા પંચાયત સીટના ડો. કિરણ સિંહ બારીયા સહિત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. તો બીજી તરફ કોંગ્રેસના હોદ્દેદારો એ પણ કોંગ્રેસ ઉપ પ્રમુખ તખતસિંહ સોલંકી, દુષ્યંત સિંહ ચૌહાણ તેમજ જે. બી.સોલંકી,કોંગ્રેસ પ્રમુખ આરતસિંહ પટેલ એ પોતાના ઉમેદવારોને લઈને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકો માટે ઉમેદવારી નોંધાવા આવી પહોંચ્યા હતા જ્યારે શહેરા નગરપાલિકા ચુંટણી માટે અત્યાર સુધી કોંગ્રેસના મેન્ડેટ પરથી એકપણ ઉમેદવારે ઉમેદવારી નહિ નોધાવતા રાજકીય પક્ષ સહિત નગરજનો માં ચર્ચા થઈ રહી છેકે કોંગ્રેસ અપક્ષના ટેકે ચુંટણી લડશે કે પછી નગરપાલિકાના ચુંટણી જંગમાં ભાજપ અને અપક્ષ વચ્ચે રસાકસીનો જંગ જામશે તે તો ફોર્મ ખેંચવાની તારીખે જ ખ્યાલ આવશે તે તો જોવુજ બની રહ્યું છે.મહત્વ નું છેકે નગર પાલિકા ની ચુંટણી માં ભાજપ એ નવા ચહેરાઓ ને તક આપવા સાથે શિક્ષીત યુવાનો ને ટીકિટ આપી હતી. સ્થાન ચર્ચા નું સ્થાન બની જવા પામ્યું છે.

# ગોધરા મામલતદાર કચેરીમાં પબ્લિક કોન્ટેકટ ધરાવતા રેવન્યુ વિભાગ અને સ્ટેમ્પ વેન્ડરને વેકસીન અપાઈ

ગોધરા,
ફ્રન્ટ લાઈન વર્કરો પૈકી રેવન્યુ ડિપાર્ટમેન્ટ સાથે સંકળાયેલ અને પબ્લિક કોન્ટેકટમાં સતત સંકળાયેલ સ્ટેમ્પ વેન્ડર અને પિટિશન રાઈટરોને પ્રાંત અધિકારીના આદેશ થી કોવીડ–૧૯ની વેકસીન લેવાનો આદેશ થયો. જેમાં સ્ટેમ્પ વેન્ડર અને પીટીશ્યન રાઈટરોમાં ગભરાટની





લાગણીઓ ફેલાઈ ગયી હતી. જેથી તાલુકા પ્રમુખ ઈસ્માઈલ ચિંતામણની આગેવાની હેઠળ લાઈસન્સધારી પીટીશ્યન રાઈટર નિસાર મેંદા, મોઈન કુરેશી, દિપસિંહ પટેલ, મનોજ રાવળ વગેરે આજ રોજ કોવીડ –૧૯ની વેકસિન મુકાવી હતી.

# કાતોલ ગામમાં મોબાઈલ હેલ્થ યુનિટનું ઉદ્ઘાટન આઈનોક્સ સીવીએ અને દીપક ફાઉન્ડેશનના સંયુક્ત પણે કરવામાં આવ્યું

કાલોલ,
કાલોલ તાલુકાના કાતોલગામમાં આઈનોક્સ સીવીએ એ (INOX CVA) ગુજરાતના પંચમહાલના દીપક ફાઉન્ડેશનના સહયોગથી મોબાઈલ હેલ્થ યુનિટનું ઉદ્ઘાટન ર્ક્યું હતું. આ કાર્યક્રમની હાજરીમાં મહાનુભાવો દીપક આચાર્ય, સીઓઓ, આઈનોક્સ સીવીએ, સુધીર સેઠી, ઉપપ્રમુખ–એચ.આર એડમિન અને તેમની ટીમ સાથે કાયદાકીય, ગુણવંતભાઈ કેશરીસિંહ પરમાર, સરપંચ, કાતોલ અને એમ.એચ.યુ ટીમના સભ્યો. એલ.એન.જી., લિક્વિડ હાઈડ્રોજન અને ફ્યુઝન એનર્જીમાં સ્ટાન્ડર્ડ અને એન્જિનિયર્ડ ક્રેઓજેનિક ઉપકરણોના ઉત્પાદનમાં શ્રેષ્ઠતા હાંસલ કર્યા પછી, આઈનોક્સ સીવીએ એ, દીપક ફાઉન્ડેશન સાથે આ સીએસઆર પહેલને વૃદ્ધ એમએચયુ ની કલ્પનાના અમલના ભાગીદાર તરીકે શરૂ કરી. વૃદ્ધ વસ્તી સુધી પહોંચવાનો મુખ્ય ઉદ્દેશ તેમને વિશેષ ધ્યાન, સલામતી અને ફાસ્ટ ઍક્સેસ, સમુદાયમાં સામાજિક અને ભાવનાત્મક આધાર પૂરા પાડવાનો છે. મોબાઈલ હેલ્થ યુનિટ, કુશળ કર્મચારીઓથી સજ્જ તેમની થીમ 'હૂંફાળો સ્પર્શ' (એક હીલિંગ ટચ) જે વૃદ્ધોને હોસ્પિટલોમાં લાંબી લાઈનોથી બચાવે, તેમને આવશ્યક દવાઓ તેમના ઘર સુધી પ્રદાન કરે , તેમને સલાહ અને ભાવનાત્મક સહાય પૂરી પાડે છે અને વિવિધ સરકારી યોજનાઓ વિશે તેમને જાગૃત કરે.

# પંચમહાલ જીલ્લા પંચાયતની ૩૮ બેઠકો માટે ૮૮ ઉમેદવારો એ પોતાની ઉમેદવારી નોંધાવી : ૭ તાલુકા પંચાયત માટે ૩૨૯ ઉમેદવારી ફોર્મ ભરાયા









ગોધરા,
પંચમહાલ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવા માટે દિવસો ટુંકા રહ્યા છે. ત્યારે જીલ્લા પંચાયતની બેઠકો અને તાલુકા પંચાયતની બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત સાથે ઉમેદવારી ફોર્મ ભરવાનું શરૂ થયેલ છે. જીલ્લા પંચાયતની ૩૮ બેઠકો માટે અત્યાર સુધી ૮૮ ફોર્મ ભરાયા છે. જ્યારે તાલુકા પંચાયતો માટે અત્યાર સુધી ૩૨૯ ઉમેદવારી ફોર્મ ભરાયા છે.

પંચમહાલ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણી માટે રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોના નામની જાહેરાત કરતાંની સાથે ઉમેદવારી ફોમ 'ભરવાની શરૂઆત થઈ છે. જીલ્લા પંચાયતની ૩૮ બેઠકો માટે જાહેર થયેલા ઉમેદવારો પોતાના ટેકેદારો અને સમર્થકો સાથે શકિત પ્રદર્શન સાથે ઉમેદવારી ફોર્મ ભરવાનું શરૂ કરેલ છે. જીલ્લા પંચાયતની ૩૮ બેઠકો માટે ભાજપ કોંગ્રેસ અને અપક્ષ મળી કુલ ૮૮ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી ફોર્મ ભર્યા છે. જ્યારે હજી અનેક જીલ્લા પંચાયતની બેઠકો માટે આવતી કાલે ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લા દિવસે તમામ ઉમેદવારો પોતાના ઉમેદવારી ફોર્મ ભરશે. જીલ્લા પંચાયતની બેઠકોમાં ટીકિટ વહેંચણી થયેલ અન્યાયને લઈ કેટલાક રાજકીય પાર્ટીના નારાજ કાર્યકરો અને સભ્યો અપક્ષમાં પોતાની ઉમેદવારી નોંધાવે છે.

## પંચમહાલ જીલ્લાની પાંચ તાલુકા પંચાયત માટે ૩૨૯ ઉમેદવારી ફોર્મ ભરાયા.

પંચમહાલ જીલ્લા ઘોઘંબા, કાલોલ, મોરવા(હ) અને હાલોલ અને ગોધરા તાલુકા પંચાયતના ઉમેદવારોની જાહેરાત સાથે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા તેજ બની છે. તાલુકા પંચાયતની બેઠકો ઉપર રાજકીય પાર્ટી બીજેપી અને કોંગ્રેસ માંથી ટીકિટ દાવેદારીની સંખ્યા ખૂબ મોટી હતી. ત્યારે કાર્યકરો અને ઉમેદવારીની નારાજગી ના ફેલાય તેનું ધ્યાન રાખીને ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતાના ઉમેદવારોની જાહેરાત કરી હતી. પંચમહાલ જીલ્લાની ૦૭ તાલુકા પંચાયતો માટે ઉમેદવારોની જાહેરાત સાથે બીજેપીમાં મોટાભાગે નવા ચહેરાઓને ટીકિટ આપવામાં આવી છે. જેને લઈ ટીકિટ દાવેદારો અને કાર્યકરોમાં નારાજગી જોવા મળી હતી. ત્યારે કાર્યકરો અને દાવેદારોની નારાજગીને દુર કરવા માટે બીજેપીના હોદ્દેદારો કામે લાગ્યાહતા. જયારે પંચમહાલ જીલ્લાના ૦૭ તાલુકામાં કોંગ્રેસ પાર્ટી દ્વારા જીતી શકે તેવા ઉમેદવારોને ટીકિટ આપવાનો પ્રયત્ન કર્યો હોય તેમ લાગે છે. તેમાં પણ અમુક પ્રબળ દાવેદારોની ટીકિટ કપાતાં નારાજગી જોવા મળી છે. પંચમહાલ જીલ્લામાં કાલોલ, હાલોલ, ઘોઘંબા, ગોધરા, મોરવા(હ) તાલુકા પંચાયતની બેઠકો માટે ૩૨૯ ઉમેદવારી ફોર્મ ભરાયા છે.

## પંચમહાલ જીલ્લા પંચાયતની બેઠકો માટે ૮૮ ઉમેદવારી ફોર્મ ભરાયા.

પંચમહાલ જીલ્લા પંચાયતની ૩૮ બેઠકો માટે ગોધરા, કાલોલ, હાલોલ, મોરવા(હ) બેઠક માટે ૮૮ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. જેનો ઘોઘબા જીલ્લા પંચાયત બેઠકો ઉપર ૦૬ ઉમેદવારી ફોર્મ ભરાયા, કાલોલ બેઠક માટે ૧૧ ઉમેદવારી ફોર્મ ભરાયા, મોરવા(હ) જીલ્લા પંચાયત બેઠક માટે કોંગ્રેસના ૦૩ ઉમેદવારો એ પોતાની ઉમેદવારી ફોર્મ ભર્યા, હાલોલ બેઠક માટે બીજેપીમાંથી ૦૫ ઉમેદવારો અને કોંગ્રેસ માંથી ૦૫ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી. ગોધરા જીલ્લા પંચાયત ૦૯ બેઠકો માટે ૨૫ ઉમેદવારી ફોર્મ મળી કુલ જીલ્લા પંચાયતની ચુંટણીમાં ૮૮ ઉમેદવારી ફોર્મ ભરાયા છે.

## પંચમહાલ જીલ્લામાં તાલુકા પંચાયતની બેઠકો માટે ૩૨૯ ઉમેદવારી ફોર્મ ભરાયા

પંચમહાલ જીલ્લાની ઘોઘંબા તાલુકા પંચાયતમાં આજરોજ બીજેપીના ૨૫ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી ફોર્મ ભર્યા, કાલોલ તાલુકા પંચાયત બેઠકો માટે આજરોજ ૩૯ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. મોરવા(હ) તાલુકા પંચાયત બેઠકો માટે આજરોજ કોંગ્રેસ પાર્ટીના ૨૩ ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી જ્યારે ૦૨ અપક્ષ ઉમેદવારી ફોર્મ મળી ૨૮ ઉમેદવારી ફોર્મ ભરાયા. હાલોલ તાલુકા પંચાયતની બેઠકો માટે બીજેપીના ૨૪ ઉમેદવારો અને કોંગ્રેસના ૧૧ ઉમેદવારો એ પોતાની ઉમેદવારી ફોર્મ ભર્યા, ગોધરા તાલુકા પંચાયતની બેઠકો માટે ૫૬ ઉમેદવારો એ પોતાની ઉમેદવારી ફોર્મ ભર્યા છે. ઉમેદવારી માટે એક દિવસ બાકી છે. ત્યારે જોવાનું રહ્યું કે, કેટલા ઉમેદવારી ફોર્મ ભરાશે.

# ઘોઘંબાના ખરોડગામે ઘરમાં આગ લાગતાં ઘરવખરી બળી જતાં ૭૦ હજારનું નુકશાન

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના ખરોડ ગામે ટેકર ફળીયામાં આવેલ મકાનમાં ચુલા માંથી પવનને કારણે ઘાસમાં આગ લાગી હતી. આગ ઘરમાં પ્રસરી જતાં ઘરમાં રાખેલ ઘરવખરી, કપડાં, રોકડ બળી જતાં ૭૦ હજાર રૂપીયાનું નુકશાન થવા પામ્યું. પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ખરોડ ટેકર ફળીયામાં રહેતા સપ્તાનભાઈ મગનભાઈ રાઠવાના ઘરમાં અંદર ચુલા ઉપર રસોઈ બનાવવા માટે સળગાવેલ હતો. અને રાત્રીના સમયે સુતા હતા. તે વખતે અચાનક પવન આવતા તણખો ઉઠીને ઘાસમાં પડ્યો હતો. જેને લઈ લાગેલ આગ ઘરમાં પ્રસરી જતાં ઘરમાં રાખેલ કપડાં, રોકડ, ઘરવખરી સામાન તથા અનાજ બળી જવાથી અંદાજીત ૭૦ હજાર રૂપીયાનું નુકશાન થવા પામ્યું. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.